# <u>ભાષાની વ્યાખ્યાઓ અને ધ્વનિતંત્ર, રૂપતંત્ર, વાક્યતંત્ર અને શબ્દ ભંડોળનો સામાન્ય પરિચય.</u>

ભાષા શબ્દ મૂળ  સંસ્કૃત શબ્દ 'ભાષ' ઉપરથી ગુજરાતી ભાષામાં ઉતરી આવ્યો છે. ગુજરાતી ભાષામાં આ શબ્દનો અર્થ બોલવું અથવા વાણી તરીકે પ્રચલિત બન્યો છે. પરંતુ આપણે બોલીએ છીએ અને લખીએ છીએ એ બન્ને ક્રિયા માટે ગુજરાતીમાં એક જ શબ્દ 'ભાષા' પ્રયોજાય છે. પરંતુ એ સંપૂર્ણ સાચું નથી. કારણ કે,માનવી ઉપરાંત પશુ-પંખી, પ્રાણી પણ અવાજ દ્વારા પોતાની અભિવ્યક્તિઓ કરે છે તે છતાં એને આપણે ભાષા કહેતા નથી. એટલે માનવમુખમાંથી પ્રગટતા શબ્દ રૂપ ધ્વનિને આજે આપણે ભાષા તરીકે સ્વીકારીએ છીએ. એ અર્થમાં ભાષા કેવળ માનવીની (અન્ય પશુ-પંખીની નહીં) અભિવ્યક્તિ સાથે જોડાય એમ છે.

આદિમાનવ એની પ્રાથમિક અવસ્થામાં શારીરિક ચેષ્ટાઓ દ્વારા, એ પછી અવાજો દ્વારા અને એ પછી શબ્દ રૂપ ધ્વનિઓ દ્વારા પોતાની સંવેદનાઓ અને વિચારો વ્યક્ત કરવા લાગ્યો. એ દ્રષ્ટિએ ભાષાનું પ્રથમ સ્વરૂપ, એનું મૂળ શારીરિક ચેષ્ટાઓ છે. સમય જતા એ ચેષ્ટાઓ અવાજના રૂપમાં અને ત્યારબાદ શબ્દરૂપે, ધ્વનિરૂપે સ્થાન લીધું. આ પરથી કહી શકાય કે, ભાષાનો ઉદભવ કોઈ ચોક્કસ સ્થળ, સમયે થયો નથી. પરંતુ લાંબા સમયની પ્રક્રિયા બાદ અનેક પરિવર્તનો પામીને સ્વાભાવિક રીતે થયો છે.

<u>ભાષાની વ્યાખ્યાઓ :-</u>

૧) 'ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલા સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ'

૨) "ભાષા વાણી અને શ્રવણ વડે માનવ વ્યક્તિઓ થકી અને તેમના પ્રત્યે થતી અભિવ્યક્તિ અને સંક્રમણની પ્રક્રિયા છે. જેમાં બોલતા કે સંભળાતા ધ્વનિઓનું માનવજાતિના ઈતિહાસમાં કોઇપણ એક સમયે, અમુક સમુદાય કે સમુદાયોમાં સર્વ સામાન્ય વપરાશથી નીપજાવાયેલા, રૂઢ થયેલા અને સ્વીકૃત પામેલ વ્યવસ્થાઓ રૂપે એવું સંયોજન થાય છે કે એ ધ્વનિઓ એ સમુદાયના લગભગ બધા સરેરાશ સભ્યોને પરસ્પર અવબોધક્ષમ બને છે"

ગ્રે (૧૯૩૯)

૩) "ભાષા યાદૃચ્છિક વાચિક ધ્વનિઓ અને ધ્વનિ શ્રેણીઓની એક સંઘટનાયુક્ત વ્યવસ્થા છે. જે માનવ વ્યક્તિઓના કોઈ જૂથ દ્વારા અરસ પરસના સંદેશા વ્યવહારમાં ઉપયોગમાં લેવાય છે કે લઈ શકાય છે. અને  જે માનવ પરિસ્થિતિઓમાં જોવા મળતા પદાર્થો, ઘટનાઓ અને પ્રક્રિયાઓને લગભગ અશેષપણે નોંધી આપે છે."

કેરલ (૧૯૫૩)

૪) ભાષા એટલે યાદૃચ્છિક સંકેત પદ્ધતિ દ્વારા સંદેશાવ્યવહાર કરવાની માનવ વડે ઉપયોગમાં લેવાતી વાચ્ય શ્રાવ્ય આદતોની વ્યવસ્થા."

હોલ (૧૯૬૪)

ભાષામાં એક છેડે અવાજો હોય છે બીજે છેડે એ અવાજો દ્વારા રજૂ થતો જગતનો કોઈ અંશ કે અનુભવ કે અર્થ હોય છે

ભાષા મૂળભૂત રીતે વાચિક ધ્વનિઓની બનેલી છે એટલે ઉચ્ચારણ એ ભાષાનું સૌથી પહેલું અને પાયાનું અંગ બને. વાચિક ધ્વનિઓ અનંત શક્ય છે. પણ જે ધ્વનિઓને ભાષક સમાજ જુદા જુદા શબ્દો બનાવવામાં ઉપયોગમાં લે અને પોતાની વ્યવસ્થાના ભાગરૂપ બનાવે તેને જ ભાષાના ધ્વનિઓ કહેવાય. ડચકારો એ પણ એક વાચિક ધ્વનિ છે આપણા સમાજમાં અમુક સંજોગોમાં એ સ્વતંત્ર રીતે નકારનો અર્થ પણ દર્શાવે છે. પણ ડચકારોને આપણે શબ્દો બનાવવાના કામમાં લેતા નથી એટલે આપણી ભાષાનો એ ધ્વનિ નથી એમ કહેવાય. અરબી જેવી કેટલીક ભાષામાં ડચકારો ભાષાના ધ્વનિ તરીકે આવે છે. 'કાલ' 'ખાલ' એવા શબ્દો જો આપણી ભાષામાં બની શકતા હોય તો આપણે કહી શકીએ કે, 'ક', 'ખ', 'ગ', 'ઘ' એ આપણી ભાષાના ધ્વનિઓ છે.

દરેક ભાષા આ રીતે મર્યાદિત ધ્વનિઓનો પોતાની વ્યવસ્થામાં ઉપયોગ કરે છે, એટલું જ નહીં પણ દરેક ભાષાની પોતાની જુદી જ ધ્વનિવ્યવસ્થા હોય છે.

<u>દા.ત.</u> આપણી ગુજરાતી ભાષામાં અઘોષ-ઘોષ, અલ્પપ્રાણ-મહાપ્રાણના ભેદક ધર્મોવાળો ચતુર્વિધ ધ્વનિભેદ વપરાય છે. ધ્વનિઓની શ્રેણીઓની રચવાની પણ દરેક ભાષાની પોતાની ખાસિયત, પોતાનું નિયમતંત્ર હોય.

<u>ધ્વનિતંત્ર :-</u>

જુદા અર્થના શબ્દો બનાવવા માટે ધ્વનિના જે નાનામાં નાના એકમ વપરાય તેને 'ધ્વનિઘટકો' (Phonemes)

કહેવામાં આવે છે. અને એ ધ્વનિ ઘટકોની જે વ્યવસ્થા ભાષામાં અસ્તિત્વ ધરાવતી હોય, એ ધ્વનિઘટકોની શ્રેણીઓ રચવા માટેનું ભાષાનું જે નિયમતંત્ર હોય તેને ભાષાનું ' ધ્વનિતંત્ર (Phonology) કહેવામાં આવે છે.

એ નોંધપાત્ર છે કે, ધ્વનિઘટકો અર્થભેદક હોય છે. પણ જાતે એ કશો અર્થ ધરાવતા નથી. 'ક' કે 'ગ' કે 'આ' કે 'ઓ' નો ગુજરાતી ભાષામાં કશો અર્થ નથી.(અપવાદ બાદ કરતા) પરંતુ ધ્વનિઘટકો ભેગા મળીને અર્થ ધરાવતા એકમો બનાવે છે. વાચિક ધ્વનિઓ કે ધ્વનિઘટકો જાણે ઘડ્યા અને પકવ્યા વિનાની માટી છે અને અર્થ ધરાવતા એકમો એ માટીમાંથી બનાવવામાં આવેલી ઈંટો છે. આવી ઈંટોની એટલે કે, અર્થ ધરાવતા એકમોની રચનાથી ભાષાની ઉક્તિ બને છે.

<u>રૂપતંત્ર :-</u>

ધ્વનિ ઘટકોની શ્રેણીથી અર્થ ધરાવતા નાનાનાના એકમો બનતા હોય છે, જેને આપણે ઘણીવાર 'શબ્દ' તરીકે ઓળખાવતા હોઈએ છીએ. જેમ કે, 'કિશોરે', 'આજે', 'આપ્યું' વગેરે. પણ જરા ધ્યાનથી જોઈએ તો જણાશે કે, 'કિશોર', 'આજ', 'આપ' એ એકમો પણ આપણી ભાષામાં અર્થ ધરાવે છે. એટલે કે, અહીં ખરેખર અર્થ ધરાવતા એકથી વધુ એકમો છે 'કિશોર+એ', 'આજ+એ' , 'આપ+ય+ઉ' વગેરે.

૧) 'કિશોરે' ના 'એ'નો અર્થ આપવાની ક્રિયા કરનાર છે-કર્તા છે. એવું વાક્યમાં સૂચવાય છે.

તેવી જ રીતે,

૨) 'આજે'- નો 'એ' અધિકરણવાચક (સ્થળ-સમય સૂચવે) છે.

૩) 'આપ્યું' નો 'ય' ભૂતકાળ દર્શાવે છે.

આમ અર્થ ધરાવતા આવા જે નાનામાં નાના એકમો આપણે જુદા પાડી શકીએ તેને ભાષાવિજ્ઞાનમાં 'રૂપઘટક'(Morpheme) કહેવામાં આવે છે,

જેમ કે,

'નાનપણ' નો 'પણ' પણ રૂપઘટક. કારણ કે, એ ભાવવાચક સંજ્ઞા બનાવે છે.('નાન' તો ખરો જ)

'અજાણ' નો 'અ' કારણ કે, એ વિરુદ્ધાર્થ દર્શાવે છે.

'પીળો' નો 'ઓ'પણ ખરો, કારણ કે એ પુલ્લિંગ દર્શાવે છે.

આમ જોઈ શકાશે કે, રૂપઘટકોના ઘણા પ્રકારો છે;

ઉદાહરણ તરીકે,

૧) કેટલાક છૂટા આવી શકે છે. 'કિશોર', 'આજ', 'આપ' છૂટા

૨) કેટલાક છૂટા આવી શકતા નથી. 'નાન', 'પણ', 'ઈ', 'એ'

વગેરે અંને 'રૂપતંત્ર' કહેવામાં આવે છે.

દરેક ભાષાનું રૂપતંત્ર પણ આગવું હોય છે એટલે કે, રૂપઘટકોના વર્ગો તથા ભાષામાં એ કેવી રીતે આવી શકે તેના નિયમો દરેક ભાષાના પોતાના હોય છે.

**વાક્યતંત્ર :-**

ભાષાની ઉક્તિમાં અમુક રૂપઘટકો આવે એટલું જ બનતું નથી, એ રૂપઘટકોના અર્થોને જોડવા માટેની ખાસ યુક્તિઓ કે ખાસ નિયમો હોય છે.

દા.ત. 'કિશોરે આજે દિલીપને એક સરસ પુસ્તક આપ્યું'

- ✓ એમાં 'એ' 'ને' કર્તા-કર્મ વાચક રૂપઘટકોથી 'આપ્યું' ક્રિયાપદ સાથે એનો સંબંધ જોડાય છે.
- ✓ 'ને' દિલીપને લાગે છે પુસ્તકને નહી.
- ✓ 'પુસ્તક આપ્યું' એમ કહેવાશે 'પુસ્તક આપી' એમ નહીં.
- ✓ 'સરસ પુસ્તક' એમ જ કહી શકાશે 'પુસ્તક સરસ' એમ નહીં.

એટલે કે, સંબંધ વ્યક્ત કરનારા પ્રત્યયો લગાડવાના પણ વિશિષ્ટ નિયમો હોય છે. કેટલાંક પદ બીજા પદને અમુક રીતે અનુસરે એવી રીતે આવતા હોય. પદોનો એક નિયત ક્રમ પણ હોય છે. પદોને એક સળંગ ઉક્તિ રૂપે સ્થાપવાના આ નિયમતંત્રને 'વાક્યતંત્ર' તરીકે ઓળખવામાં આવે છે.

**શબ્દભંડોળ:-**

શબ્દભંડોળમાં સંઘટના જોવી મુશ્કેલ છે. શબ્દો યદૃચ્છાએ ઘડાય છે. લુપ્ત થાય છે. પણ શબ્દો દ્વારા વ્યક્ત થતા અર્થોમાં સંઘટના હોય છે ખરી. શબ્દો-અર્થની દૃષ્ટિએ જૂથ રચતા હોય છે. અને એક શબ્દનો અર્થ. જે બીજા શબ્દોના વિરોધમાં એ શબ્દ આવતો હોય તેના અર્થો પર બધો આધાર રાખે છે. આપણી ભાષામાં 'કાકા' , 'મામા' , 'માસા', 'ફુઆ' એવા જુદાજુદા સંબંધ વ્યક્ત કરતા શબ્દો છે. ત્યારે અંગ્રેજીમાં 'uncal' શબ્દ જ બધા માટે સમાન છે. અને જયારે વિશિષ્ટ સંબંધ દર્શાવવો હોય ત્યારે વિશેષણો લગાડવામાં આવે છે. આમ, દરેક ભાષામાં શબ્દોની ગોઠવણી અલગ અને આગવી હોય છે.